1. 10 પ્રાપ્તાંકોનો મધ્યક 12.8 છે, જેમાં એક પ્રાપ્તાંક ભૂલથી 15 ને બદલે 25 લેવાયો હોય તો સાચો મધ્યક શોધો :

(A) 15.3
(B) 22.8
(C) 10.8
(D) 11.8

2. ભારતના ઇતિહાસના નીચેનાં યુદ્ધો ક્રમ સામે સાલ પ્રમાણે ગોઠવો :

(1) પાણીપતનું બીજું યુદ્ધ – (a) 1565
(2) હલ્દીઘાટનું યુદ્ધ – (b) 1191
(3) તરાઈનું પહેલું યુદ્ધ – (c) 1556
(4) તાલીકોટાનું યુદ્ધ – (d) 1576

(A) 1 - c, 2 - b, 3 - a, 4 - d
(B) 1 - c, 2 - d, 3 - b, 4 - a
(C) 1 - d, 2 - c, 3 - b, 4 - a
(D) 1 - b, 2 - c, 3 - a, 4 - d

3. Choose correct meaning of the idiom '*A stone's throw*' :

(A) A perfect aim
(B) At a very short distance
(C) To hit someone
(D) A hard reply

4. પિતા અને પુત્રની હાલની ઉંમરનો સરવાળો 50 વર્ષ છે. પિતાની હાલની ઉંમર પુત્રની હાલની ઉંમર કરતાં 4 ગણી હોય તો 10 વર્ષ પછી પિતા-પુત્રની ઉંમરનું પ્રમાણ (Ratio) શું હશે ?

(A) 3 : 1
(B) 1 : 3
(C) 1 : 4
(D) 4 : 1

5. Which one of the following words, can not be used as 'an adverb' ?

(A) safety
(B) safely
(C) loudly
(D) gracefully

6. વિરુદ્ધાર્થી શબ્દ આપો :

*કનિષ્ઠ*

(A) અનિષ્ઠ
(B) નિષ્ઠ
(C) જ્યેષ્ઠ
(D) સંનિષ્ઠ

7. *"એને વાંચેલું યાદ રહેતું નથી."*

ઉપર્યુક્ત વાક્યમાં 'વાંચેલું' શું છે ?

(A) વિશેષણ
(B) સંજ્ઞા
(C) સર્વનામ
(D) કૃદંત

[P.T.O.



Downloaded from www.marugujarat.in

8. The toy-robot walked ______ it were a real human-being.
(A) if
(B) unless
(C) as if
(D) though

9. અખાત્રીજ ક્યારે આવે છે ?
(A) જેઠ વદ 3
(B) જેઠ સુદ 3
(C) વૈશાખ વદ 3
(D) વૈશાખ સુદ 3

10. એક ઘડિયાળમાં માત્ર દર કલાકે ટકોરા પડે છે, તો 1 દિવસ (24 કલાક)માં કુલ કેટલા ટકોરા પડે ?
(A) 165
(B) 156
(C) 178
(D) 78

11. મળેલ નાણાંની પહોંચ આપવા માટે ______ અને તેથી વધુ રકમ માટે ______ ના મૂલ્યની રેવન્યુ સ્ટેમ્પ વપરાય છે.
(A) રૂ. 20 અને 20 પૈસા
(B) રૂ. 5,000 અને 1 રૂપિયો
(C) રૂ. 500 અને 1 રૂપિયો
(D) રૂ. 10,000 અને 2 રૂપિયા

12. 'અ', 'બ' અને 'ક' એક વેપારી પેઢીમાં ભાગીદારો છે. 'અ' અને 'બ' વચ્ચેનું નફા-નુકસાન વહેંચણીનું પ્રમાણ 2 : 3 છે અને 'બ' અને 'ક' વચ્ચેનું નફા-નુકસાન વહેંચણીનું પ્રમાણ 4 : 5 છે. જો પેઢીનો નફો રૂ. 70,000 હોય તો, પેઢીના નફામાંથી 'અ'ને મળેલ તેના ભાગના નફાની રકમ રૂ. ______ થાય.
(A) રૂ. 18,000
(B) રૂ. 12,000
(C) રૂ. 15,000
(D) રૂ. 16,000

13. 600 રૂપિયાના ભાવે 20 કિલો કેરી ખરીદી, જેમાંથી 2 કિલો કેરી સડી જતાં ફેંકી દીધી. બાકીની કેરી 34 રૂપિયે 1 કિલોના ભાવે વેચી પણ ખરીદનારે 10 રૂપિયા ઓછા આપ્યા, તો કેટલા ટકા નફો અથવા ખોટ ગઈ હશે ?
(A) 2% નફો
(B) 0.33% ખોટ
(C) 1.33% નફો
(D) 0.33% નફો

14. સાચી જોડણી આપો :
*પરીક્ષિત*
(A) પરિક્ષિત
(B) પરિણીત
(C) પરીણીત
(D) પરીક્ષિત



Downloaded from www.marugujarat.in

15. અમદાવાદથી મુંબઈ જતી ટ્રેનમાં નીચેના પૈકી ________ સ્ટેશનો ક્રમાનુસાર આવે છે.

(A) નડિયાદ, ભરૂચ, આણંદ, વડોદરા, સુરત, વલસાડ
(B) નડિયાદ, આણંદ, વડોદરા, ભરૂચ, સુરત, વલસાડ
(C) આણંદ, ભરૂચ, નડિયાદ, સુરત, વડોદરા, વલસાડ
(D) વડોદરા, આણંદ, ભરૂચ, સુરત, નડિયાદ, વલસાડ

16. સમાસ ઓળખાવો :

*નીલાંબર*

(A) કર્મધારય
(B) મધ્યમપદલોપી
(C) બહુવ્રીહિ
(D) ઉપપદ

17. Abhijeet is very fond of ________ kites.

(A) flying
(B) flew
(C) flies
(D) fly

18. એક ઇલેક્ટ્રોનિક્સ કેલ્ક્યુલેટરનો વેપારી 160 કેલ્ક્યુલેટરના વેચાણમાંથી 30 કેલ્ક્યુલેટરની વેચાણ કિંમત જેટલો નફો કરે છે. નફાની ટકાવારી જણાવો :

(A) $23\frac{1}{13}\%$
(B) $13\frac{2}{3}\%$
(C) $18\frac{3}{4}\%$
(D) ઉપરનામાંથી કોઈ નહીં

19. એક વસ્તુની છાપેલી કિંમત પર અનુક્રમે 20% અને 10% વળતર મળે છે. જો વસ્તુની છાપેલી કિંમત રૂ. 2,550 હોય તો તેની ખરીદ કિંમત રૂ. ________ થાય.

(A) 1,745
(B) 1,836
(C) 1,826
(D) 1,735

20. The terrorist refused to tell ________ about his native place.

(A) anywhere
(B) nothing
(C) nowhere
(D) anything

21. કહેવતનો અર્થ આપો :

*ચીથરાં ફાડવાં*

(A) નમાલી વાત કરવી
(B) અયોગ્ય કામ કરવું
(C) સમય પસાર કરવો
(D) કપડાં ફાડવાં



Downloaded from www.marugujarat.in

22. ________ you work hard, you will not succeed.

(A) Though
(B) Unless
(C) Although
(D) If

23. એક વસ્તુના વેચાણવેરામાં 3% વધારો થતાં તેની કિંમતમાં રૂ. 96નો વધારો થતો હોય તો વસ્તુની કિંમત ________ થાય.

(A) રૂ. 3,170
(B) રૂ. 3,200
(C) રૂ. 3,000
(D) રૂ. 3,300

24. Rahul's selection was ________ his hard work.

(A) due to
(B) because
(C) therefore
(D) in addition to

25. બેંક દ્વારા મંજૂર થયેલ ધિરાણની મર્યાદામાં રકમ ઉપાડી શકાય તેમજ ઉપાડેલી રકમ પૈકી સંપૂર્ણ કે તેના કોઈ ભાગની રકમ પાછી ભરી શકાય અને જેટલી રકમ ઉપાડી હોય તેનું જ વ્યાજ ચૂકવવાનું થાય. આવી સગવડને ________ કહે છે.

(A) લોન ખાતું
(B) કેશ ક્રેડિટ
(C) બચત ખાતું
(D) ક્રેડિટ કાર્ડ

26. આનંદ પોતાની પાસેની કુલ રકમનો $^1/_5$ ભાગ અને રૂ. 10,000 રોકડા મોટા પુત્રને આપે છે, $^3/_{10}$ ભાગ વચલા પુત્રને આપે છે અને બાકીનો ભાગ રૂ. 70,000 નાના પુત્રને આપે છે. આનંદ પાસે કુલ રકમ ________ હશે.

(A) રૂ. 1,60,000
(B) રૂ. 1,40,000
(C) રૂ. 1,50,000
(D) રૂ. 1,80,000

27. *"ગુજારે જે શિરે તારે જગતનો નાથ તે સહેજે"* કાવ્યપંક્તિ કયા કવિની છે ?

(A) મણિલાલ ન. દ્વિવેદી
(B) ન્હાનાલાલ
(C) બાલાશંકર કંથારિયા
(D) કાન્ત

28. રૂઢિપ્રયોગનો અર્થ આપો :
*પેટ આપવું*

(A) ખાનગી વાત
(B) પેટે પાટા બાંધવા
(C) પેટ ભાડે આપવું
(D) રહસ્ય જણાવી દેવું

29. ________ by the doctor, the patient will be given medicines.

(A) Had examining
(B) Having been examined
(C) Has examined
(D) Having examined



Downloaded from www.marugujarat.in

30. ચક્રવૃદ્ધિ વ્યાજે કોઈ એક રકમનું પ્રથમ વર્ષનું વ્યાજ રૂ. 80 થાય, તો બીજા વર્ષનું વ્યાજ કેટલા રૂપિયા થાય ?

(A) 86
(B) 84
(C) 80
(D) 88

31. આદિલ મન્સુરીનું મૂળ નામ :

(A) ફકીર મહમદ
(B) બરકતઅલી વિરાણી
(C) ઇબ્રાહિમ પટેલ
(D) મોહમ્મદ માંકડ

32. નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ આપો :

*જંગલમાં વસનાર લોકો*

(A) પછાત
(B) આરણ્યક
(C) આદિવાસી
(D) જંગલી

33. ગૌતમ પોતાની કાર કલાકના 72 કિ.મી.ની ઝડપે ચલાવે છે, જ્યારે અનંત પોતાની કાર 4 મિનિટમાં 5.6 કિ.મી.ની ઝડપે ચલાવે છે. બંનેની ઝડપનો ગુણોત્તર ________ થાય.

(A) 6 : 7
(B) 3 : 5
(C) 7 : 6
(D) 4 : 5

34. ટોરન્ટ પાવર લિ. સ્થિર સર્વિસ ચાર્જિસ અને ચલિત ચાર્જિસના આધારે, ગ્રાહકે મહિનામાં વાપરેલ યુનિટના આધારે લાઈટબિલ તૈયાર કરે છે. માસિક 100 યુનિટની વપરાશ હોય ત્યારે કુલ બિલ રૂ. 3,200 અને માસિક 150 યુનિટની વપરાશ હોય ત્યારે કુલ બિલ રૂ. 3,800 થાય છે. કમલેશની માસિક વપરાશ 250 યુનિટ હોય તો કુલ બિલ ________ થાય.

(A) રૂ. 4,400
(B) રૂ. 7,000
(C) રૂ. 5,000
(D) રૂ. 4,800

35. ભારતનો સર્વોચ્ચ ઍવોર્ડ 'ભારતરત્ન' મેળવનારમાં ________નો સમાવેશ થતો નથી.

(A) ડૉ. એ. પી. જે. અબ્દુલ કલામ
(B) મહાત્મા ગાંધી
(C) મધર ટેરેસા
(D) જવાહરલાલ નેહરુ

36. માયોપિયા (Myopia) એટલે :

(A) વક્ર દૃષ્ટિ
(B) સમ દૃષ્ટિ
(C) ગુરુ દૃષ્ટિ
(D) લઘુ દૃષ્ટિ

37. તળપદા શબ્દનું શિષ્ટ રૂપ આપો :

*મણા*

(A) મહેણાં
(B) ઘણા
(C) મણ
(D) ખામી



Downloaded from www.marugujarat.in

38. Neither Haresh nor I ________ interested in watching T.V. at night.

(A) are
(B) have
(C) am
(D) is

39. અગ્નિજિત માટી (ફાયર ક્લે) ________ જિલ્લામાં મળતી નથી.

(A) સુરત
(B) કચ્છ
(C) સુરેન્દ્રનગર
(D) પાટણ

40. રામગંગા સિંચાઈ પરિયોજના ________ રાજ્યમાં આવેલ છે.

(A) ઝારખંડ
(B) ઉત્તર પ્રદેશ
(C) ઉત્તરાંચલ
(D) બિહાર

41. ચક્રવૃદ્ધિ વ્યાજે મૂકેલ એક રકમનું બીજા વર્ષનું વ્યાજ પ્રથમ વર્ષ કરતાં રૂ. 96 વધુ છે. વાર્ષિક વ્યાજનો દર 8% છે, તો વ્યાજે મૂકેલ મૂળ રકમ ________ હશે.

(A) રૂ. 12,000
(B) રૂ. 15,000
(C) રૂ. 21,000
(D) રૂ. 18,000

42. તળપદા શબ્દનું શિષ્ટ રૂપ આપો :
જગન

(A) મગન
(B) જગત
(C) યજ્ઞ
(D) જગનું

43. ન્યૂક્લિયર રીએક્ટરમાં મોડરેટર તરીકે ________ વપરાય છે.

(A) ભારે પાણી
(B) કેડિયમ
(C) પ્લુટોનિયમ
(D) યુરેનિયમ

44. પાતંજલિ મુનિના અષ્ટાંગ યોગનાં આઠ ચરણમાં ________નો સમાવેશ થતો નથી.

(A) ધર્મ
(B) પ્રત્યાહાર
(C) પ્રાણાયામ
(D) નિયમ

45. 'આગગાડી' અને 'ધરાગુર્જરી' નાટ્યકૃતિઓના લેખકનું નામ જણાવો :

(A) ચં. ચી. મહેતા
(B) ધનસુખલાલ મહેતા
(C) ક. મા. મુન્શી
(D) જયંતી દલાલ

46. નીચેનામાંથી કયું નામ ભારતીય મહિલા ક્રિકેટ ટીમના કેપ્ટન તરીકે જાણીતું છે ?

(A) ડાયના હેડન
(B) શાંતા રંગાસ્વામી
(C) સંધ્યા મૃદુલ
(D) ત્રણમાંથી એક પણ નહીં



Downloaded from www.marugujarat.in

47. 'કલિકાલસર્વજ્ઞ'નું બિરુદ જેમને અપાયું હતું તેમણે કયા ગ્રંથની રચના કરી હતી ?
(A) પંચીકરણ
(B) દ્વયાશ્રય
(C) દશમસ્કંધ
(D) કૃષ્ણાવતાર

48. નીચેના પૈકી કયો શબ્દ 'આંખ'નો પર્યાયવાચી નથી ?
(A) ચક્ષુ
(B) દગ
(C) અક્ષ
(D) અક્ષિ

49. સૌથી ઓછી વસ્તી ધરાવતું ભારતનું રાજ્ય કયું છે ?
(A) અરૂણાચલ પ્રદેશ
(B) મિઝોરમ
(C) ગોવા
(D) સિક્કિમ

50. Ramanujam was ________ by Royal Society of London for his research in Mathematics.
(A) Facilitated
(B) Felicitated
(C) Felicited
(D) Feliciated

51. વર્તમાનમાં ગુજરાતના મુખ્ય સચિવ ________ છે.
(A) ડી. રાજગોપાલન
(B) ડૉ. મંજુલા સુબ્રમણ્યમ
(C) પ્રવીણચંદ્ર લહેરી
(D) પી. સી. પાંડે

52. નીચેના પૈકી કયા રૂઢિપ્રયોગનો અર્થ *'બાતમી મળી જવી'* એવો થાય છે ?
(A) કાને ધરવું
(B) કાને વાત પહોંચવી
(C) કાન દેવા
(D) કાન ઉઘાડવા

53. લીલનો ઉપયોગ ________ બનાવવામાં થતો નથી.
(A) મોતી
(B) પ્રસાધનો
(C) ખોરાક
(D) વિસ્ફોટકો

54. *"કામિની કોકિલા કેલિ કૂજન કરે"*
ઉપર્યુક્ત પંક્તિમાં પ્રયોજાયેલા અલંકારનું નામ લખો :
(A) શબ્દાનુપ્રાસ
(B) વર્ણાનુપ્રાસ
(C) અંત્યાનુપ્રાસ
(D) ઉત્પ્રેક્ષા

55. ધોળાવીરા ________ સભ્યતાનું શહેર છે.
(A) સિંધુ
(B) ચૌલુક્ય
(C) મૈત્રક
(D) ગુપ્ત



Downloaded from www.marugujarat.in

56. નીચેનામાંથી કયો શબ્દ 'સાપુતારા' સાથે સંબંધ ધરાવતો નથી ?
(A) અરવલ્લીની ગિરિમાળાનો ભાગ
(B) ડાંગ જિલ્લાનો ભાગ
(C) સહ્યાદ્રીની ગિરિમાળા
(D) બોટિંગની સગવડ

57. Look, the lion ________ now.
(A) roaring
(B) roared
(C) is roaring
(D) roar

58. Sanjiv and Amitabh are both heroes but only the ________ is remembered today.
(A) Last
(B) Later
(C) Latter
(D) Late

59. સાચો સમાનાર્થી શબ્દ આપો :
ગરલ
(A) સરલ
(B) વિષ
(C) વિરલ
(D) ગરવો

60. તેલના ભાવમાં 20 ટકા વધારો થયેલ છે, હવે તેની વપરાશ કેટલા ટકા ઘટાડવી જોઈએ કે જેથી તેલના માસિક ખર્ચમાં કોઈ ફેરફાર થાય નહીં ?
(A) 20%
(B) 18%
(C) 15%
(D) $16\frac{2}{3}\%$

61. હોકીની રમતમાં પ્રત્યેક ટુકડીમાં રમનાર ખેલાડીઓની સંખ્યા કેટલી હોય છે ?
(A) 15
(B) 10
(C) 11
(D) 12

62. નીચેનામાંથી સૂરજનાં પર્યાયવાચી નામો કયાં નથી ?
(A) રવિ, કિરણ
(B) ભાણ, ભાનુ
(C) સવિતા, ભાસ્કર
(D) આદિત્ય, હિરણ્યગર્ભ

63. Have you ever read Valmiki's ________ Ramayana ?
(A) An
(B) A
(C) The
(D) None of this



Downloaded from www.marugujarat.in

64. ક્યા ગ્રૂપનું લોહી ધરાવનાર વ્યક્તિને બાકીના ત્રણેય ગ્રૂપનું લોહી અનુકૂળ આવે છે ?
(A) B ગ્રૂપ
(B) AB ગ્રૂપ
(C) A ગ્રૂપ
(D) O ગ્રૂપ

65. *"છે એક ઉજ્જ્વળ પુરાણપ્રસિદ્ધ દેશ."*
ઉપર્યુક્ત પંક્તિમાં પ્રયોજાયેલા છંદનું નામ લખો :
(A) મનહર
(B) ઉપજાતિ
(C) વસંતતિલકા
(D) તોટક

66. ક્યા વૃક્ષનાં પાંદડાંમાંથી પતરાળી-પડિયા (દડિયા) બને છે ?
(A) પલાશ
(B) ટીમરૂ
(C) કેળ
(D) આ ત્રણેમાંથી એક પણ નહીં

67. રડતી દીવાલ (વેઈલિંગ વૉલ) ક્યા ધર્મના લોકો માટે મહત્ત્વ ધરાવે છે ?
(A) મુસ્લિમ
(B) ખ્રિસ્તી
(C) યહૂદી
(D) જરથોસ્તી

68. અખંડ ભારતના ભાગલાનાં બીજ ક્યારે વવાયેલાં ?
(A) મોર્લે - મિન્ટો સુધારામાં
(B) મોન્ટેગ્યુ - ચેમ્સફર્ડ સુધારામાં
(C) કોમી ચુકાદામાં
(D) સાયમન કમિશનમાં

69. *"મધુર નમણા ચહેરાઓની ભવોભવની ઋણી."*
ઉપર્યુક્ત પંક્તિમાં પ્રયોજાયેલા છંદનું નામ દર્શાવો :
(A) હરિણી
(B) મંદાક્રાન્તા
(C) પૃથ્વી
(D) શિખરિણી

70. *"તું ચંદ્રથી ચારુ સુહાસિની હે !"*
ઉપર્યુક્ત પંક્તિમાં પ્રયોજાયેલા અલંકારનું નામ લખો :
(A) રૂપક
(B) ઉપમા
(C) વ્યતિરેક
(D) ઉત્પ્રેક્ષા

71. Identify correct spelling :
(A) Committee
(B) Commitee
(C) Comittee
(D) None of these



Downloaded from www.marugujarat.in

72. ________ ને હવે ગ્રહ તરીકે નહીં ઓળખવામાં આવે.

(A) યુરેનસ
(B) પ્લુટો
(C) પૃથ્વી
(D) નેપ્ચુન

73. નીચેના પૈકી કયો શબ્દ 'પત્ની'નો પર્યાયવાચી નથી ?

(A) તિયા
(B) કલત્ર
(C) દારા
(D) ક્ષેત્રી

74. હિંદી સાહિત્યજગતમાં 'કલમ કા સિપાહી' તરીકે જાણીતા સાહિત્યકાર નીચેનામાંથી કોણ છે ?

(A) રામધારીસિંહ દિનકર
(B) મૈથિલીશરણ ગુપ્ત
(C) હરિવંશરાય બચ્ચન
(D) પ્રેમચંદ

75. ભારતના બંધારણમાં તમામ નાગરિકોને કોઈ પણ જાતના ભેદભાવ વિના આપવામાં આવેલ મૂળભૂત અધિકારોની સંખ્યા કેટલી છે ?

(A) છ
(B) પાંચ
(C) તેર
(D) સાત

76. નીચે દર્શાવેલ કયાં બે સ્થળો વચ્ચેનું અંતર સહુથી વધુ છે ?

(A) કંડલાથી સાપુતારા
(B) સાપુતારાથી દ્વારકા
(C) ભૂજથી દ્વારકા
(D) વલસાડથી ભૂજ

77. A, B અને C ભાગીદારો છે. તેઓના નફા-નુકસાનની વહેંચણીનું પ્રમાણ 5 : 3 : 2 નું છે. 2007-08ના વર્ષમાં પેઢીનો ચોખ્ખો નફો રૂ. 70,500 થાય છે, તો તેઓના ભાગે અનુક્રમે ________ આવશે.

(A) રૂ. 35,250, રૂ. 21,100 અને રૂ. 14,150
(B) રૂ. 35,250, રૂ. 21,250 અને રૂ. 14,000
(C) રૂ. 35,250, રૂ. 21,150 અને રૂ. 14,100
(D) રૂ. 35,500, રૂ. 21,000 અને રૂ. 14,000

78. ગુજરાત વિધાનસભાના અધ્યક્ષનો હોદ્દો નીચેના પૈકી કયા મહાનુભાવે શોભાવેલ નથી ?

(A) કુંદનલાલ ધોળકિયા
(B) બરજોરજી પારડીવાળા
(C) નટવરલાલ શાહ
(D) વિઠ્ઠલભાઈ પટેલ

79. Fill the blank selecting the correct option :

*He is ________ than I.*

(A) better
(B) the better
(C) the best
(D) more better



Downloaded from www.marugujarat.in

80. રાયફલ શુટિંગ સ્પર્ધામાં અભિનવનો પાંચ રાઉન્ડનો સ્કોર અનુક્રમે 7.75, 9.10, 9.40, 8.80 અને 9.50 છે, તો તેનો સરેરાશ સ્કોર ________ થાય.
(A) 8.81
(B) 8.95
(C) 8.91
(D) 9.11

81. My watch ________ last night.
(A) is stolen
(B) was stolen
(C) is stole
(D) has stole

82. નીચેનામાંથી કયા ગુજરાતી મહાનુભાવ ભારતના દક્ષિણનાં રાજ્યોમાં રાજ્યપાલ તરીકે ન હતા ?
(A) પ્રભુદાસ પટવારી
(B) મહારાજા કૃષ્ણકુમારસિંહજી
(C) હિતેન્દ્ર દેસાઈ
(D) કે. કે. શાહ

83. નીચેનામાંથી કઈ બે બાબતો એકબીજા સાથે સુસંગત નથી ?
(A) શ્રીમદ ભાગવત્ - અધ્યાય
(B) મહાભારત - પર્વ
(C) ઓખાહરણ - કડવું
(D) કુરાન - આયાત

84. નીચેના પૈકી કયું શહેર કોઈ રાજ્યની રાજધાની નથી ?
(A) નૈનીતાલ
(B) દીસપુર
(C) દહેરાદૂન
(D) ગંગટોક

85. In the sentence below replace the underlined part with the correct option :
*We have received* _no informations._
(A) some informations
(B) no information
(C) any informations
(D) any information

86. Choose the one which best expresses the same sentence in Indirect Speech "*He said to her,* "Are you coming to the party ?"
(A) He asked her if she will be coming to the party.
(B) He asked her if she was coming to the party.
(C) He told her if she was coming to the party.
(D) He asked her whether she was coming to the party.

87. પૌરાણિક કથાઓમાં દેવોના ગુરુ કોણ હતા ?
(A) વેદવ્યાસ
(B) નારદ મુનિ
(C) બૃહસ્પતિ
(D) વસિષ્ઠ



Downloaded from www.marugujarat.in

88. Which part of the sentence is wrong ?

<u>The music</u> <u>system, with</u> <u>its speakers,</u> <u>were sold.</u>

1 2 3 4

(A) 2
(B) 1
(C) 3
(D) 4

89. નીચેનામાંથી કયું જોડકું બંધબેસતું નથી ?

(A) 12મી જાન્યુઆરી – સ્વામી વિવેકાનંદ
(B) 15મી સપ્ટેમ્બર – ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્
(C) 15મી ઑગસ્ટ – અરવિંદ ઘોષ
(D) 2જી ઑક્ટોબર– લાલબહાદુર શાસ્ત્રી

90. નેશનલ હાઈવે પર કિલોમીટર દર્શાવવા માટે માઈલસ્ટોનનો કલર ________ અને સ્ટેટ હાઈવે પર કિલોમીટર દર્શાવવા માઈલસ્ટોનનો કલર ________ હોય છે.

(A) લીલો અને વાદળી
(B) પીળો અને લાલ
(C) પીળો અને લીલો
(D) લીલો અને પીળો

91. *"મારી પાસે ઘણું સરસ ચિત્ર છે."*

ઉપર્યુક્ત વાક્ય કયા પ્રકારનું છે ?

(A) નિષેધવાક્ય
(B) પ્રશ્નવાક્ય
(C) વિધાનવાક્ય
(D) ઉદ્‌ગારવાક્ય

92. 'વડવાનલ' એટલે :

(A) જંગલમાં લાગતી આગ
(B) વડના વૃક્ષ નીચે એકત્ર થયેલ વાનરોનો સમૂહ
(C) દરિયામાં લાગતી આગ
(D) વડવાઓ (ઋષિઓ)એ શોધેલ એક અગ્નિ

93. અવાજની માત્રા માપવાનું એકમ કયું છે ?

(A) ડેસીબલ
(B) કિલોહર્ટ્સ
(C) ફેરનહીટ
(D) ઓહ્મ

94. એક ફૂલ અને રેકેટની ભેગી કિંમત 35 રૂપિયા છે, જો ફૂલ કરતાં રેકેટની કિંમત 30 રૂપિયા વધુ હોય તો ફૂલની કિંમત કેટલી ?

(A) રૂ. 5.00
(B) રૂ. 2.50
(C) રૂ. 32.50
(D) રૂ. 7.50



Downloaded from www.marugujarat.in

95. એક બેગમાં રૂ. 100ની, રૂ. 50ની, રૂ. 20ની અને રૂ. 10ની નોટો સરખી સંખ્યામાં છે. જો બેગમાં કુલ રૂ. 9,000 હોય તો નોટોની કુલ સંખ્યા ______ હશે.

(A) 40
(B) 50
(C) 60
(D) 55

96. Choose the one which best expresses the same sentence in Passive Voice *'Sita is writing a letter to her father.'*

(A) A letter was being written by Sita to her father.
(B) A letter has been written to her father by Sita.
(C) A letter was written to her father by Sita.
(D) A letter was written by Sita to her father.

97. એક વેપારી પોતાના ઉત્પાદિત માલની પડતરમાં 30% ઉમેરીને વેચાણ કિંમત નક્કી કરે છે. જો તે 5% વેપારી વટાવે માલ વેચતો હોય તો તેની નફાની ટકાવારી ______ થાય.

(A) $22\frac{1}{2}\%$
(B) $23\frac{1}{2}\%$
(C) 26%
(D) 25%

98. કમલ પાસે બે સ્કૂટર હતાં. તેણે બંને સ્કૂટર રૂ. 12,000 લેખે વેચ્યાં. એક સ્કૂટર પર 20 ટકા નફો થયો અને બીજા સ્કૂટર પર 20% લેખે ખોટ ગઈ. બંને સ્કૂટરના વેચાણ પર તેને થયેલ ચોખ્ખો નફો કે ચોખ્ખું નુકસાન કેટલું ?

(A) નહીં નફો નહીં નુકસાન
(B) રૂ. 2,500 ખોટ
(C) રૂ. 1,000 ખોટ
(D) રૂ. 1,000 નફો

99. જર્મન સિલ્વર એ ______ ધાતુઓના મિશ્રણમાંથી બનાવાય છે.

(A) ચાંદી, તાંબુ અને લોખંડ
(B) સોનું, ચાંદી અને તાંબુ
(C) ચાંદી, જસત અને લોખંડ
(D) તાંબુ, જસત અને નિકલ

100. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગરે તાજેતરમાં બહાર પાડેલ બિનસચિવાલય સેવાના સહાયક કારકૂન, વર્ગ - 3ની જાહેરાત દૈનિક પત્રો સિવાય ગુજરાત રોજગાર સમાચારની જે વેબસાઈટ ઉપર પ્રસિદ્ધ કર્યાનું જાહેર કરેલ તે વેબસાઈટ કઈ હતી ?

(A) www.gov.guj.in.
(B) www.gov.guj.gswan.in.
(C) www.rojgar samachar.gujarat.in.
(D) www.gujarat publication.com



Downloaded from www.marugujarat.in

## SPACE FOR ROUGH WORK

પરીક્ષા પૂરી થયા બાદ ઉત્તરવહી તથા પ્રશ્નપુસ્તિકા વર્ગ નિરીક્ષકને પરત કર્યા બાદ જ વર્ગખંડ છોડવાનો રહેશે. જો તેમ કરવામાં કસૂર થયેથી શિસ્તભંગનાં પગલાં ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.



Downloaded from www.marugujarat.in